# મોદી-પુટિનની વચ્ચે ઐતિહાસિક મંત્રણા

નવીદિલ્હી,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયન પ્રમુખ વ્લાદિમીર પુટિન સાથે પાટનગર દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે ઐતિહાસિક શિખર બેઠક યોજી હતી. ત્યારબાદ સંયુક્ત પત્રકાર પરિષદ પણ યોજાઈ હતી. હૈદરાબાદ હાઉસમાં આ બેઠકમાં વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચા થઈ હતી. જેમાં દ્વિપક્ષીય સંબંધોને નવી ઉંચાઈઓ ઉપર લઈ જવાની વાત કરવામાં આવી હતી. સાથે-સાથે ૧૬ સમજુતી ઉપર સહી સિક્કા થયા હતા. જેમાં સશસ્ત્રદળોની તાલીમ, તેલ સંશોધન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મેડિકલ સંશોધનનો સમાવેશ થાય છે. બન્ને દેશો વચ્ચે સમજુતી પર સહિ સિક્કાની વિધિ વાતચીત બાદ થઈ હતી.સંયુક્ત પત્રકાર પરિષદ પણ યોજાઈ હતી. જેમાં બન્ને દેશો એકબીજા ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખીને આગળ વધવા સજ્જ થયા હતા. મોદીએ કહ્યું હતું કે, રશિયા સંરક્ષણમાં ભારતના સૌથી નજીકના અને મોટા ભાગીદાર તરીકે છે. સૌથી મહત્વપૂર્ણ સંરક્ષણ ભાગીદાર તરીકે રશિયાને ગણાવતા મોદીએ કહ્યું હતું કે, બન્ને દેશો વચ્ચેના સંબંધો ઐતિહાસિક રહ્યા છે. મોદીએ એમપણ કહ્યું હતું કે, રશિયા ભારતના ટોપ ડિફેન્સ સપ્લાયર તરીકે રહેશે. કોલ્ડવોરના અંત બાદથી વિકલ્પો વધી ગયા છે. બન્ને દેશોના વડાઓએ કહ્યું હતું કે, તેમના સંબંધ વિશ્વાસ ઉપર આધારિત છે. અમેરિકા અને ઈઝરાયલ જેવા દેશો પાસેથી અતિઆધુનિક લશ્કરી ખરીદી થઈ છે. મોદીએ કહ્યું હતું કે, ભારતના વિકલ્પો વધ્યા હોવા છતાં રશિયા મોસ્ટ ઈમ્પોર્ટેન્ટ ડિફેન્સ પાર્ટનર તરીકે છે. રશિયાએ ભારતમાં અતિઆધુનિક હેલિકોપ્ટર બનાવવાની ઓફર કરી છે. મોદીએ કહ્યું હતું કે, અમે બે વખત બ્રાઝિલ



અને ઓસ્ટ્રેલિયામાં મળી ચુક્યા છીએ. તેમણે યાદ અપાવી હતી કે, પુટિન અને તત્કાલિન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ ૨૦૦૦માં વાર્ષિક શિખર પ્રક્રિયા શરૂ કરી હતી. બનને દેશો વચ્ચેના સંબંધ અસામાન્ય છે. છેલ્લા છ મહિનામાં ત્રણ વખત સંયુકત લશ્કરી કવાયત હાથ ધરવામાં આવી ચુકી છે. મોદીએ કહ્યું હતું કે, પુટિનનું સ્વાગત કરીને તેઓ ગર્વ અનુભવ કરે છે. દ્વિપક્ષીય સહકાર નવી ઉંચાઈએ જશે. બીજીબાજુ રશિયન પ્રમુખે કહ્યું હતું કે, રચનાત્મક વાતચીત થઈ છે. અગાઉ રશિયન પ્રમુખે મોદી સાથે વાતચીત કરી હતી જેમાં સંરક્ષણ, ઉર્જા અને વેપારના મુદ્દા છવાયા હતા. આ વાતચીત એવા સમયે થઈ છે જ્યારે રશિયન અર્થતંત્ર પશ્ચિમી પ્રતિબંધોનો સામનો કરી રહ્યું છે. પુટિન અને મોદી વચ્ચે પ્રથમ બેઠક હાલમાં જ યોજાઈ હતી. બન્ને નેતાઓ બ્રાઝિલમાં જુલાઈમાં મળ્યા હતા અને ગયા મહિને જી-૨૦ની શિખર બેઠકમાં ઓસ્ટ્રેલિયામાં મળ્યા હતા. સર્વોચ્ચ સ્તરે વાતચીત સફળ રહી છે. રશિયન પ્રમુખે પણ કહ્યું હતું કે, શાંતિપૂર્ણ હેતુ માટે પરમાણુ ઉર્જાના ઉપયોગને રશિયા પ્રોત્સાહન આપે છે. તેમણે એમપણ કહ્યું હતું કે ભારત સાથેના સંબંધોને રશિયન વિદેશનીતિ ખૂબ મહત્વપૂર્ણ ગણે છે. પુટિને તેમની માતૃભાષામાં સંબોધન કર્યું હતું. બીજીબાજુ મોદીએ તેમનું નિવેદન કર્યુ હતું. જેમાં તમામ મુદ્દાઓને મોદીએ આવરી લીધા હતા. પુટિને એમપણ કહ્યું હતું કે, ભારત માટે ૨૦પરમાણુ પાવર પ્લાન્ટ યુનિટ ઉપર અમે કામ કરી રહ્યા છીએ. જેનાથી સીધો ફાયદો થશે. બીજીબાજુ મોદીએ કહ્યુંહતું કે, એનર્જી સિક્યુરીટી ભારતના આર્થિક વિકાસ માટે ઉપયોગી છે સાથે-સાથે રોજગારીની તકો ઉભી થશે. પાવર પ્લાન્ટથી સીધો ફાયદો સામાન્ય લોકોને થશે.

# કોંગ્રેસ અને એનસીપી હવે ફરીવાર એક થવા ઈચ્છુક

નાગપુર,તા. ૧૧

વિધાનસભા ચૂંટણીમાં એકબીજાની સામે લડી ચુકેલા કોંગ્રેસ અને એનસીપી પણ હવે ફરી એક થવાની દિશામાં છે. કારણ કે ભાજપ અને શિવ સેના વચ્ચે તમામ મતભેદો દુર થઈ ગયા છે અને શિવ સેના મહારાષ્ટ્ર સરકારમાં સામેલ થઈ ગઈ છે. આના કારણે મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડનવીસ સરકાર હવે ફરી બહુમતિમાં આવી ગઈ છે. બન્ને પાર્ટીને હવે લાગે છે કે બહુમતિ ધરાવતી સરકારની સામે સાથે મળીને લડત ચલાવી શકાય છે. હાલમાં સારવાર હેઠળ રહેલા શરદ પરાવરે પોતાના ભત્રીજા અજિત પવારને આ અંગે સંદેશ આપીને કોંગ્રેસ સાથે સંબંધ સુધરવા માટે અપીલ કરી છે. હવે એમ માનવામાં આવે છે કે એનસીપી વિધાનસભામાં વિપક્ષ નેતા પદ પર પોતાના દાવાને પરત ખેંચી લેશે. હજુ સુધી એનસીપી નેતા અને પૂર્વ નાયબ મુખ્યપ્રદાન અજિત પવારના સમગ્ર સમર્થકો અને પરિવારના સભ્યો ઈચ્છતા હતા કે વિરોધી પક્ષના નેતા પદ પર એનસીપી કબજો જમાવે. પરંતુ હવે સ્થિતી બદલાય તેવી શક્યતા છે. વિધાન પરિષદમાં એનસીપી સૌથી મોટી પાર્ટી તરીકે છે અને ત્યાં એનસીપીને નેતા વિપક્ષના પદ આડે કોઈ તકલીફ નથી. આ પદ માટે પાર્ટી પહેલાથી જ ધનાજંય મુન્ડેના નામની જાહેરાત પણ કરી ચુકી છે. જોરદાર ખેંચતાણની સ્થિતી વિપક્ષના પદને લઈને છે. કોંગ્રેસના ૪૨ ધારાસભ્યો છે જ્યારે એનસીપીના ૪૧ સભ્યો છે. એવી સ્થિતીમાં કોંગ્રેસનો દાવો વધારે મજબુત બને છે. જ્યારે એનસીપી નેતા અજિત પવાર તથા કતેમના સાથીઓ પણ નવી ગણતરી કરી રહ્યા હતા. તેમની યોજના હતી કે વિધાનસભામાં પણ વિરોધ પક્ષના નેતાપદ તેમને મળી જાય. જો કે હવે નવી સ્થિતી સર્જાઈ શકે છે. શરદ પવારની સુચના બાદ એનસીપી વિધાનસભામાં વિપક્ષના નેતા પદે દાવો છોડે તેવી શક્યતા છે.

મોદી સરકારે લીલીઝંડી આપી

# ડિફેન્સ સેક્ટરમાં સોલર પ્લાન્ટ સ્થાપવાને મંજુરી

નવી દિલ્હી,તા. ૧૧

એનર્જી સિક્યુરીટી અને વિકાસને પ્રોત્સાહન આપવાના હેતુસર સરકારે સંરક્ષણ અને અર્ધલશ્કરીદળને મદદરૂપ થવાના હેતુસર સોલાર પાવર પ્લાન્ટ સ્થાપિત કરવા માટે લીલીઝંડી આપી દીધી છે. ઉપલબ્ધ વિસ્તારોનો ઉપયોગ કરીને પ્લાન્ટ સ્થાપિત કરાશે. વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ૩૦૦ મેગાવોટના ગ્રીડ કનેક્ટેડ સોલાર પીવી પાવર પ્રોજેક્ટો સ્થાપિત કરવા માટે મંજુરી આપી દેવામાં આવી છે. કેબિનેટે કહ્યું છે કે, મંજુરી આપવામાં આવ્યા બાદ આ દિશામાં ઝડપથી આગળ વધવામાં આવશે. કેબિનેટે નવા અને રિન્યુએબલ એનર્જી મંત્રાલય માટે ૭૫૦ કરોડની રકમની જોગવાઈને મંજુરી આપી છે.ડિફેન્સ સેક્ટરમાં સોલાર પ્લાન્ટ સ્થાપિત કરવાનો સરકારની મંજુરી ખૂબ મહત્વપૂર્ણ છે. કેબિનેટની બેઠકમાં અન્ય મહત્વપૂર્ણ નિર્ણયો પણ કરાયા હતા જેમાં ઘણા પ્રોજેક્ટોને લીલીઝંડી અપાઈ હતી. મોદીના નેતૃત્વમાં મળેલી કેબિનેટની બેઠકમાં ટોપના તમામ પ્રધાનો ઉપસ્થિત રહ્યા હતા જેમાં નાણાં પ્રધાન અરુણ જેટલીનો પણ સમાવેશ થાય છે.

# આગરા ધર્માંતરણના મામલે સંસદમાં ભારે ધાંધલધમાલ

નવી દિલ્હી,તા. ૧૧

આગરા ધર્માંતરણના મુદ્દે સંસદમાં ભારે હોબાળો રહ્યો હતો. તમામ વિરોધપક્ષોએ ધાંધલ ધમાલ જારી રાખીને આગરા ધર્માંતરણ ઉપર ચર્ચાની માંગ કરી હતી અને પ્રશ્નકલાકને સસ્પેન્સન અવસ્થામાં રાખવા રજુઆત કરી હતી. આજે દિવસભર માટે ગૃહ મળતાની સાથે જ કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, આરજેડી, સીપીઆઈ એમના સભ્યો ગૃહની વચોવચ આવી ગયા હતા અને મોદી સરકાર હોશ મેં આઓ, હિંદુ-મુસ્લિમ ભાઈ-ભાઈ જેવા નારા લગાવ્યા હતા. કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન દ્વારા આ મુદ્દે ચર્ચાને મંજુરી આપવા અધ્યક્ષ સુમિત્રા મહાજન સમક્ષ રજુઆત કરી હતી. તેમણે એમપણ કહ્યું હતું કે, પ્રશ્ન કલાકને મોકુફ રાખવા આપની પાસે સંપૂર્ણ સત્તા છે. સરકાર પહેલાથી જ તૈયાર છે. લોકસભામાં સંસદીય બાબતોના પ્રધાન વૈંકેયા નાયડુએ કહ્યું હતું કે, અમે આ મુદ્દા ઉપર ચર્ચા કરવા માટે વધુ ઈચ્છુક છીએ. આની સામે કાયદો ઈચ્છીએ છીએ. સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ યાદવે કહ્યું હતું કે, મામલાને ગંભીરતા સાથે હાથ ધરવો જોઈએ. ગંભીરતાપૂર્વક મામલાને હાથ નહીં ધરવાની સ્થિતિમાં કોમી તોફાન થઈ શકે છે. ગૃહ ફરી મળ્યા બાદ પણ ધાંધલ ધમાલનો દોર જારી રહ્યો હતો. સંસદની બહાર પત્રકારો સાથે વાતચીત કરતા વૈંકેયા નાયડુએ કહ્યું હતું કે, એનડીએ સરકાર તમામ મુદ્દાઓ ઉપર ચર્ચા કરવા તૈયાર છે. ધર્માંતરણ અને ફરી ધર્માંતરણના સંદર્ભમાં જો વિરોધપક્ષો ચર્ચા ઈચ્છે છે તો અમે ગૃહમાં વિસ્તૃત ચર્ચા માટે તૈયાર છીએ. નાયડુએ કહ્યું હતું કે, આક્ષેપો બિનજરૂરી થઈ રહ્યા છે. સંસદમાં દરરોજ બિનજરૂરી ધાંધલ ધમાલ કરવા મુદ્દા શોધી કાઢવાની બાબત યોગ્ય નથી. જો ગૃહ સહમત થશે તો ધર્માંતરણ વિરોધી બિલને લાવવામાં પણ સરકારને કોઈ તકલીફ નથી. ગૃહમાં છેલ્લા કેટલાક દિવસથી ધર્માંતરણને લઈ ભારે હોબાળો મચેલો છે. આગરાના બનાવમાં તપાસ પણ હાથ ધરવામાં આવી ચુકી છે અને ટૂંકમાં આ અંગે નવી વિગતો સપાટી પર આવી શકે છે.




આગામી આઈસીસી ક્રિકેટ વિશ્વ કપનું સ્વાગત કરતા પુરીના ગોલ્ડન બીચ ખાતે રેત શિલ્પ આર્ટીસ્ટ સુદર્શન પટનાયકે શુભેચ્છાઓ પાઠવતું શિલ્પ તૈયાર કર્યું હતું.

# ફુડ સિક્યુરિટી લો લાગુ કરવા માટે ગુજરાતને સુચન

નવી દિલ્હી,તા. ૧૧

કેન્દ્ર સરકારે ઉત્તરપ્રદેશ, ગુજરાત, પશ્ચિમ બંગાળ અને કેરળ સહિત બે ડઝનથી પણ વધુ રાજ્યોને ચેતવણી આપીને ફુડ સિક્યુરિટી એક્ટને અમલી કરવા કહ્યું છે. સાથે સાથે એમ પણ કહ્યું છે કે ફુડ સિક્યુરિટી કાયદાને અમલી નહી કરનાર રાજ્યોને સબસિડી આપવામાં આવશે નહી. સરકારે કહ્યું છે કે જો રાજ્યો ફુડ સિક્યુરિટી એક્ટને અમલી કરવામાં નિષ્ફળ રહેશે તો પાંચમી એપ્રિલ બાદથી ગરીબી રેખા ઉપર રહેલા લોકો માટે સબસિડીના દરે અનાજ આપવામાં આવસે નહી. ખાદ્યાન મંત્રાલય દ્વારા લઘુતમ સમર્તન કિંમતે લાભ મેળવનાર આ કેટેરી માટે અનાજ આપવામાં આવે છે. આવી સ્થિતીમાં રાજ્ય ઉપર બોજ ખુબ વધી જશે. ખાદ્યાન અને ગ્રાહક બાબતોના પ્રદાન રામ વિલાસ પાસવાને કહ્યું છે કે કોઈ પણ કિંમતે ગરીબ લોકોને સબસિડીના દરે અનાજ મળે તેની ખાતરી કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે જેથી અમે ગરીબી રેખા નીચે રહેલા પરિવાર માટે ફાળવણીને સ્પર્શ કરીશુ નહી. આ ઉપરાંત સૌથી ગરીબ લોકોને પણ આ જ રીતે અનાજ આપવામાં આવે છે. પરંતુ એપીએલ પરિવારોને સસ્તા અનાજની ફાળવણી કરીશુ નહી. આ કાયદા હેઠળ કેટલીક બાબતોને ધ્યાનમાં લેવામાં આવશે. ડઝન જેટલા રાજ્યોના ખાદ્યાન સચિવો સાથે બેઠક યોજ્યા બાદ તેમને આ અંગેની વાત કરી હતી. લઘુતમ સમર્થન મુલ્યના આધાર પર અનાજની ખરીદી રાજ્ય સરકારોને ભારે પડી શકે છે. દાખલ તરીકે હાલમાં એપીએલ હેઠળ ચોખાની વર્તમાન કિંમત પ્રતિ કિલો ૬.૫૦ રૂપિયા છે જ્યારે આને એમએસપીના આધારે આપવામાં આવશે તો ભાવ પ્રતિ કિલો ૨૦ રૂપિયાની આસપાસ પહોંચી જશે. ઘઉંના કેસમાં એમએસપી રેટ ૮.૩૦ના એપીએલ રેટની સામે પ્રતિ કિલો ૧૪.૫૦ થઈ જશે. જેથી કિંમતોમાં ભારે અંતર જોવા મળશે. કર્ણાટક, દિલ્હી સહિત ૧૧ રાજ્યો આ સ્કીમને અમલી બનાવી ચુક્યા છે. આ રાજ્યોને પણ સ્કીમ હેઠળ લાભ મેળવી રહેલા લોકોને ઓળખી કાઢવા કહેવામાં આવ્યું છે.

# જયલલિતા મુખ્યપ્રધાન તરીકે પરત ફરી શકે છે

ચેન્નઈ,તા. ૧૧

એમડીએમકેના જનરલ સેક્રેટરી વૈકોએ આજે કહ્યુંહતુંકે, અપ્રમાણ સંપત્તિ કેસના સંબંધમાં અપરાધી ઠેરવવામાં આવ્યા બાદ મુખ્યમંત્રી તરીકે અન્નાદ્રમુકના નેતા જયલલિતા ગેરલાયક જાહેર થઈ ચુક્યા છે પરંતુ તમિલનાડુની અંદર જો સંપૂર્ણ દારુબંધીમાં જયલલિતા સફળ થાય તો ફરી મુખ્યમંત્રી બની શકે છે. બેંગ્લોરમાં ખાસ અદાલત દ્વારા જયલલિતાને દોષિત ઠેરવીને સજા ફટકારવામાં આવી હતી. કાર્યવાહીમાં હાજરી આપ્યા બાદ સીટી કોર્ટમાંથી બહાર નિકળતી પહેલા વૈકોએ કહ્યું હતું કે, રાજ્યમાં યુવાનો શરાબની વધારે માંગ કરી રહ્યા છે. આ દૂષણના કારણે ભારે નુકશાન થઈ રહ્યું છે. અગાઉની ડીએમકે સરકાર દ્વારા તેમની સામે હાથ ધરવામાં આવેલી કોર્ટ કાર્યવાહીમાં હાજરી આપ્યા બાદ વૈકોએ આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુને વિસ્તૃત પત્ર લખી ચુક્યા છે. જેમાં તેઓએ સ્પષ્ટ સુચના આપી હતી. તિરુપતિની મુલાકાતે આવેલા શ્રીલંકન પ્રમુખના સ્વાગત માટે લાલજાજમ બિછાવવા સામે નાયડુને ચેતવણી આપવામાં આવી હતી. રાજાપક્ષે તિરુપતિની બે દિવસની યાત્રા પૂર્ણ કરી ચુક્યા છે. વડાપ્રધાન મોદી પણ ટૂંકમાં તમિલનાડુની મુલાકાત લેનાર છે તે વખતે તેમની પાર્ટી વિરોધ કરશે. વૈકો થોડાક દિવસ પહેલા જ એનડીએ સરકાર સાથે છેડો ફાડી ચુકી છે. દુષણો સામે લોકોને જાગૃત કરવા માટે ટૂંકમાં જ તેમની પાર્ટી જાગૃતિ ઝુંબેશ ચલાવશે.

# કેરળના પ્રધાન મણી સામે એફઆઈઆર દાખલ થઈ

થિરુવનંતપુરમ,તા. ૧૧

કેરળના નાણાંપ્રધાન કેએમ મણી સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. બાર લાંચ કેસના સંદર્ભમાં તેમની સામે એફઆઈઆર દાખલ કરાયા બાદ કેરળના નાણાંપ્રધાનને મોટો ફટકો પડ્યો છે. રાજ્યના વિજિલન્સ અને એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. તેમની સામે પ્રાથમિક પુરાવા હોવાની માહિતી મળી છે. વીએસીબીના સુત્રોના જણાવ્યા મુજબ, કેરળ કોંગ્રેસના વડા મણી સામે કેસ કેટલાક લોકો દ્વારા આપવામાં આવેલા નિવેદનના આધાર પર કરાયો છે. તેમની તરફેણમાં નિર્ણય કરવા માટે બાર માલિકો પાસેથી લાંચ તરીકે જંગી રકમ લેવાનો તેમના પર આક્ષેપ કરવામાં આવ્યા બાદ પ્રાથમિક તપાસના ભાગરૂપે તપાસકારો દ્વારા પૂછપરછ કરાયા પછી તેમની સામે કેસ નોંધવામાં આવ્યો છે. આગલા પગલા તરીકે ખાસ તપાસ ટીમ કેસમાં વિસ્તૃત તપાસ માટે વીએસીબી દ્વારા રચના કરવામાં આવ્યા બાદ તપાસ કરાશે. કેરળ બાર હોટેલ ઓનર્સ એસોસીએશનના કારોબારી પ્રમુખ બીજુ રમેશ દ્વારા કરવામાં આવેલા આક્ષેપો સાથે આ કેસ સંબંધિત છે. અગાઉ કેરળ હાઈકોર્ટે ગયા સપ્તાહમાં મણી સામે એફઆઈઆર દાખલ કરવા માટેની અરજીને ફગાવી દીધી હતી. વિજિલન્સ દ્વારા મણી સામે ઉંડી તપાસ કરાઈ રહી છે.

# દિલીપકુમારના જન્મ દિવસે ચાહકોએ આપેલી શુભેચ્છા

મુંબઈ,તા. ૧૧

ટ્રેજેડી કિંગ તરીકે જાણીતા રહેલા ભારતીય સિનેમાના સૌથી મોટા સ્ટાર દિલીપ કુમારના જન્મદિવસે ચાહકોએ તેમને આજે શુભેચ્છા આપી હતી. સત્યજીત રે દ્વારા દિલીપ કુમારને સંપૂર્ણ અભિનેતા તરીકે એક વખતે ગણાવવામાં આવ્યા હતા. બોમ્બે ટોકી દ્વારા નિર્મિત વર્ષ ૧૯૪૪માં આવેલી ફિલ્મ જ્વાર ભાટા સાથે દિલીપ કુમારે પોતાની એક્ટિંગ કેરિયરની શરૂઆત કરી હતી. દિલીપ કુમાર આશરે છ દશક સુધી ફિલ્મોમાં સક્રિય રહ્યા હતા અને ચાહકોને તેમની શક્તિશાળી ભૂમિકા મારફતે રોમાંચિત કર્યા હતા. દિલીપ કુમારે તેમની કેરિયરમાં દરેક પ્રકારની ભૂમિકા અદા કરી હતી. જેમાં રોમેન્ટિક ફિલ્મ અંદાજ(૧૯૪૯), આના (૧૯૫૨), ડેમેટ્રિક દેવદાસ(૧૯૫૫) અને કોમેડી આઝાદ (૧૯૫૫)નો સમાવેશ થાય છે. દિલીપ કુમારે ઈતિહાસ પર આધારિત ફિલ્મ મુગલે આઝમમાં પણ ભૂમિકા અદા કરી હતી. જે ફિલ્મ ભારતીય સિનેમાની સૌથી મોટી ફિલ્મો પૈકી એક છે. સોશિયલ વિષય પરની ગંગા જમુના ફિલ્મમાં તેમની એક્ટિંગ અદ્‌ભૂત રહી હતી. વર્ષ ૧૯૭૬માં દિલીપ કુમારે પાંચ વર્ષ માટે બ્રેક લીધો હતો. ત્યારબાદ ક્રાન્તિ ફિલ્મ્સ સાથે ચરિત્ર અભિનેતાની શરૂઆત કરી હતી. શક્તિ, કર્મા, સોદાગર જેવી ફિલ્મો મોડેથી મુખ્ય ભૂમિકા સાથે કરી હતી. દીલિપ કુમારની છેલ્લી ફિલ્મ ૧૯૯૮માં રજુ થયેલી કિલ્લા હતી.

પોતાની કેરીયરની સર્વોચ્ચ ઉંચી સપાટી પર હતા ત્યારે દીલિપ કુમારે વૈજંતીમાલા સાથે સૌથી વધુ ૭ ફિલ્મો કરી હતી. તેમની વચ્ચે ઓનસ્ક્રિન કેમેસ્ટ્રી ખૂબ જ જાણીતી રહી હતી.તેમણે તમામ એવોર્ડ જીત્યા હતા. અમિતાભે પોતાના બ્લોગમાં એક વખતે ભારતીય સિનેમાના સૌથી મોટા અભિનેતા તરીકે દીલિપકુમારને ગણાવ્યા હતા. તેમનો ૧૧મી ડિસેમ્બર ૧૯૨૨ના દિવસે જન્મ થયો હતો.

# ડોલરની સામે રૂપિયો ૧૦ મહિના નીચે રહ્યો

મુંબઈ, તા.૧૧

ડોલર સામે રૂપિયો આજે ૧૦ મહિનાની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. રૂપિયો ગગડીને સૌથી નીચી સપાટીએ પહોંચવા માટે કેટલાક કારણો જવાબદાર રહ્યા હતા. જેમાં સ્થાનિક શેરબજારમાં ઘટાડો અને તેલની કિંમતોમાં હાલમાં નોંધાયેલી મંદીનો સમાવેશ થાય છે. વૈશ્વિક અર્થતંત્રની સ્થિતિ અંગે ચિંતા પ્રવર્તી રહી છે જેના લીધે રૂપિયામાં પણ ઉથલપાથલ થઈ છે અને રૂપિયો ગગડીને ૧૦ મહિનાની નીચી સપાટીએ પહોચ્યો છે. આજે કારોબારના અંતે રૂપિયો ડોલર સામે ૬૨.૩૩ની નીચી સપાટીએ પહોંચ્યો છે. એકવખતે રૂપિયો ૬૨.૩૫ સુધી પહોંચ્યો હતો. ૨૦મી ફેબ્રુઆરી બાદથી આ સૌથી નીચી સપાટી રહી છે. બુધવારના દિવસે ડોલર સામે રૂપિયો ૬૨.૦૨ ના સ્તરે રહ્યો હતો.

# નક્સલ ઝોનમાં ટેલિકોમના નેટવર્કને વધુ મજબુત કરાશે

નવી દિલ્હી,તા. ૧૧

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકારે કહ્યું છે કે ઉત્તરપૂર્વમાં ટેલિકોમ નેટવર્કને મજબુત કરવા અને વધુ અસરકારક બનાવવા માટે ૫૦૦૦ કરોડ રૂપિયા રાખવામાં આવ્યા છે. જયારે દેશના સૌથી વધુ માઓવાદીગ્રસ્ત રાજ્યો માટે ૩૫૦૦ કરોડ રાખવામાં આવ્યા છે. લોકસભામાં દુરસંચાર અને આઈટી પ્રધાન રવિ શકર પ્રસાદ દ્વારા આ માહિતી આપવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે એનડીએ સરકારે ગ્રામીણ અને ખુબ જ મુશ્કેલ રહેલા વિસ્તારોમાં પણ દુરસંચાર સેવા સ્થાપિત કરવા માટે કમર કસી છે. સરકાર આવા તમામ વિસ્તારોમાં નેટવર્કને સુધારવા અને તેને મજબુત કરવા માટે ઈચ્છુક છે. પ્રસ્ન કલાક દરમિયાન તેમણે કહ્યું હતું કે ઉત્તરપૂર્વના ક્ષેત્રો માટે ૫૦૦૦ કરોડ રૂપિયા રાખવામાં આવ્યા છે.

દુરસંચાર નેટવર્કને સુધારવાની તાકીદની જરૂર છે. દેશમાં મોદી સરકાર સત્તારૂઢ થયા બાદ દેશમાં ઈન્ફ્રાસ્ટકચર માળખાને મજબુત કરવા પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

# બદૌન પ્રકરણ : સીબીઆઈ દ્વારા ક્લોઝર રિપોર્ટ સુપ્રત

બદૌન,તા. ૧૧

સીબીઆઈએ બદૌન કેસના સંદર્ભમાં ક્લોઝર રિપોર્ટ રજુ કરી દીધો છે. યુવતીના સગા-સંબંધીઓની પૂછપરછ પણ કરવામાં આવી છે. પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં બદૌનમાં બે ટીનેજ બહેનોના મોતના મામલામાં ક્લોઝર રિપોર્ટ રજુ કરવામાં આવ્યો છે. સીબીઆઈ દ્વારા સ્પેશિયલ જજ અનિલકુમાર સમક્ષ તેનો અહેવાલ રજુ કરી દીધો છે અને કહ્યું છે કે, આ કેસ આત્મહત્યાનો છે. ઉત્તરપ્રદેશ પોલીસ દ્વારા નોંધવામાં આવેલી એફઆઈઆરમાં આક્ષેપ મુજબ બળાત્કાર અને હત્યાનો આ કેસ હતો. પરંતુ સીબીઆઈએ કહ્યું છે કે, સંજોગોના પુરાવા અને ફોરેન્સિક તપાસ બાદ એવા તારણ ઉપર અમે પહોંચ્યા છીએ કે, આ આત્મહત્યાનો કેસ છે. બે યુવતીઓના મૃતદેહ આ વર્ષે મે મહિનામાં એક વૃક્ષથી લટકેલી હાલતમાં મળી આવ્યા હતા. છઠ્ઠી જાન્યુઆરી ૨૦૧૫ના દિવસે આ મામલામાં વધુ સુનાવણી કરાશે. વધારાના જિલ્લા સરકારના વકિલ રાજીવકુમાર દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. તપાસ સંસ્થાએ કહ્યું છે કે બન્ને બહેનોએ દહેશતમાં આવીને આત્મહત્યા કરી હતી. કારણકે જુદી જાતિના સ્થાનિક યુવક સાથે મોટી બહેનના પ્રેમ પ્રકરણથી હોબાળો થશે તેવી દહેશત સતાવી રહી હતી. અંતિમ અહેવાલમાં સગિરાના પિતાની પૂછપરછનો પણ ઉલ્લેખ કરાયો છે. બે બહેનોના મૃતદેહ ૨૮મી મેના દિવસે મળી આવ્યા હતા. પરિવારે આક્ષેપ કર્યો હતો કે પાંચ યુવાનોએ તેમનું અપહરણ કર્યું હતું અને ત્યારબાદ તેમની હત્યા કરી દીધી હતી. આ બનાવથી ભારે હોબાળો મચ્યો હતો. સંયુક્ત રાષ્ટ્રે પણ આની નોંધ લીધી હતી.

# શ્રીનગરમાં મહિલા ઉપર એસીડ હુમલાથી ચકચાર

શ્રીનગર,તા. ૧૧

જમ્મુ કાશ્મીરના શ્રીનગરમાં આજે એક મહિલા ઉપર એસીડ હુમલો કરવામાં આવતા ભારે ચકચાર મચી ગઈ હતી. આ એસીડ હુમલામાં મહિલા ગંભીરરીતે દાઝિ ગઈ હતી. પોલીસે વિગત આપતા કહ્યુંછે કે, વિદ્યાર્થીની શ્રીનગરમાં લો-કોલેજમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીની છે. તેને શેરએકાશ્મીર ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સમાં સારવાર માટે ખસેડાઈ છે. જ્યાં તબીબોએ તેની હાલત ગંભીર હોવાનું કહ્યું છે. પોલીસે કહ્યું છે કે આ મામલામાં તપાસ ચાલી રહી છે.

## સમાચાર ઝલક

- માઉન્ટ આબુમાં પારો પાંચ ડીગ્રી, ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડીનું મોજું.
- ગુજરાતના ધર્મ સ્થાનોમાં સૌથી શ્રીમંત ભગવાન દ્વારકાધીશ.
- સમગ્ર દેશમાં નોકરી કરતી મહિલાઓની સુરક્ષાઓને લઈ ઉદાસીનતા પ્રવર્તે છે.
- ગુજરાતમાં પાકિસ્તાની નાગરિકો ૧૬૯૬ હાલમાં ગેરકાયદેસર વસવાટ કરે છે.
- યુનાઈટેડ કિંગડમની મોટી કંપની ગ્રીન કંપની માલિકની પત્નીએ છુટાછેડાના ૨૨ વર્ષ પછી ૧૯ અબજનો દાવો કર્યો.
- છેલ્લા ૮ મહિનામાં રેલવેની આર્થિક સ્થિતિ મજબુત બની. ૧ લાખ કરોડની આવક નોંધાઈ.
- મુંબઈમાં મેચ દરમિયાન વિકેટ કીપર ૨૮ વર્ષના રત્નાકરનું હાર્ટએટેકથી મોત.
- હવે 'ઓનલી વિમલ' ધુમ મચાવશે. ચીન સાથે કપડાના કારાબોરાના રિલાયન્સે કરાર કર્યા.
- સરકારી શિષ્યવૃત્તિ માટે વિદ્યાર્થીઓના બેંક ખાતા ફરજીયાત બનાવવા વિચારણા.
- નકસલવાદીઓ વર્ષ દરમિયાન રૂ. ૧૪૦ કરોડની ખંડણી ઉઘરાવે છે.
- ઓબીસી માટે હવેથી ૨૭ ટકા પેટ્રોલ પંપો અનામત રહેશે.
- મંગળ ગ્રહ ઉપર જળ હોવાના નવા પુરાવા મળી આવ્યા.